eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 176
January 16, 2009

## પુસ્તક મેળામાં વિવિધ સ્પર્ધાઓ અંગે

સુરત મહાનગર પાલિકા ધ્વારા આયોજીત નવમો રાષ્ટ્રીય પુસ્તક મેળો ''વિદ્યા ૨૦૦૯'' સાતમો પુષ્પ પ્રદર્શન મેળો ''સુમન ૨૦૦૯'' અને ''આઈ.ટી. મેળો ૨૦૦૯'' તા. ૨૧–૧–૨૦૦૯ થી તા. ૨૬–૧–૨૦૦૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે વકૃતત્વ સ્પર્ધા (માધ્યમિક / ખુલ્લો વિભાગ )/વેશભૂષા સ્પર્ધા (પ્રાથમિક વિભાગ) / નિબંધ સ્પર્ધા (માધ્યમિક વિભાગ)/રંગપુરણી સ્પર્ધા (પ્રાથમિક વિભાગ)/એલ.સી.ડી. પ્રોજેક્ટર સ્ક્રીન પર કે.બી.સી.ટાઈપ કવીઝ પ્રોગ્રામ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકા પશ્ચિમ ઝોનમાં (રાંદેર) સમાવિષ્ટ જહાંગીરાબાદ  વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૪૨ (જહાંગીરાબાદ), બ્લોક નં. ૨૪૯, સર્વે નં. ૪૮ માં આવેલ પંચવટી સોસાયટીમાં અત્રેથી  મંજુર કરવામાં  આવેલ પ્લાનમાં દર્શાવેલ સી.ઓ.પી. તથા ટેન્ટેટીવ  રીકોન્સ્ટીટયુશન  પ્લાન (ટી.આર.પી.) માં દર્શાવવામાં આવેલ સૂચિત ''આર–પર, પબ્લીક યુટીલીટી સેન્ટર'' માટે અનામત રાખેલ પ્લોટમાં આર.સી.સી. ફુટીંગ ભરી બીમ કોલમ લઈ ચણતર કામ કરવા સહિતનું આશરે ૧૫' × ૫૦'  ના માપ વિસ્તારનું ૫૦ ચો.ફુટ ક્ષેત્રફળનું ગેરકાયદેસર પાકું બાંધકામ દૂર કરી સી.ઓ.પી. /સૂચિત રીઝર્વેશન ખુલ્લો કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ''રાષ્ટ્રીય યુવા દિન'' ૧૨ જાન્યુઆરી

ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી, સુરત મહાનગરપાલિકા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સટીના સહયોગથી પુજય. સ્વામી વિવેકાનંદની ૧૪૫ મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી માટે ગાંધીસ્મૃતિ હોલ ખાતે ગીત સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વર્ગમાં એચ.આઈ.વી./એઈડસ વિશે જન જાગૃતિ લાવવાનો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા અમદાવાદ સાયન્સ સીટી ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં તા.૧૩–૦૧–૨૦૦૯ નાં રોજ થયેલ એમ. ઓ. યુ.

ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ સાયન્સ સીટી ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં તા.૧૩–૦૧–૨૦૦૯ના રોજ શહેરી વિકાસને લગતા જે એમ. ઓ. યુ. થયા તે પૈકી સુરત શહેરના સામેલ પત્રક મુજબના એમ. ઓ. યુ. થયા હતા. સુરત મહાનગરપાલિકાના એમ. ઓ. યુ. મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તથા કમિશનરશ્રી એસ. અપર્ણા દ્વારા કરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પુસ્તક મેળામાં વિવિધ સ્પર્ધાઓ અંગે

સુરત મહાનગર પાલિકા ધ્વારા આયોજીત નવમો રાષ્ટ્રીય પુસ્તક મેળો ''વિદ્યા ૨૦૦૯'' સાતમો પુષ્પ પ્રદર્શન મેળો ''સુમન ૨૦૦૯'' અને ''આઈ.ટી. મેળો ૨૦૦૯'' તા. ૨૧–૧–૨૦૦૯ થી તા. ૨૬–૧–૨૦૦૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે વકૃતત્વ સ્પધાૃ (માધ્યમિક / ખુલ્લો વિભાગ )/વેશભૂષા સ્પર્ધા (પ્રાથમિક વિભાગ) / નિબંધ સ્પર્ધા (માધ્યમિક વિભાગ)/રંગપુરણી સ્પર્ધા (પ્રાથમિક વિભાગ)/એલ.સી.ડી. પ્રોજેકટર સ્ક્રીન પર ઈનટર સ્કૂલ જનરલ નોલેજ  કવીઝ કોમ્પીટીશન (કે.બી.સી.ટાઈપ કવીઝ પ્રોગ્રામ) એલ.સી.ડી.પ્રોજેકટર સ્ક્રીન પર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશન/ ચિત્રકામ સપર્ધા (ખુલ્લો વિભાગ) કેન્વાસ પેઈન્ટીંગ  સ્પર્ધા (ખુલ્લો વિભાગ) /ફેસ્ટીવલ ડાન્સ કોમ્પીટીશન સ્પર્ધા  (માધ્યમિક વિભાગ)/ દેશભકિત પર આધારિત ગૃપ ડાન્સ સ્પર્ધા (માધ્યમિક વિભાગ)ઓનું આયોજન કરવામાં આવેલ છે. આ તમામ સ્પર્ધાઓના ફોર્મ મેનેજરશ્રી, સાંસ્કૃતિક વિભાગ, કાશ્મીરા બિલ્ડીંગ, મુગ્લીસરા, સુરત ખાતથી  ઓફિસ સમય દરમયાન મળશે. તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈડ **www.suratmunicipal.gov.in** પરથી પણ મળી શકશે. ઉપરોકત તમામ સ્પર્ધાઓના ફોર્મ ભરીને સ્વીકારવાની છેલ્લી તા. ૧૭–૧–૨૦૦૯ રાખવામાં આવેલ છે.

**TOP**

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકા પશ્ચિમ ઝોનમાં (રાંદેર) સમાવિષ્ટ જહાંગીરાબાદ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૪૨ (જહાંગીરાબાદ), બ્લોક નં. ૨૪૯, સર્વે નં. ૪૮ માં આવેલ પંચવટી સોસાયટીમાં અત્રેથી મંજુર કરવામાં આવેલ પ્લાનમાં દર્શાવેલ સી.ઓ.પી. તથા ટેન્ટેટીવ રીકોન્સ્ટીટયુશન પ્લાન (ટી.આર.પી.) માં દર્શાવવામાં આવેલ સૂચિત "આર–૫૨, પબ્લીક યુટીલીટી સેન્ટર" માટે અનામત રાખેલ પ્લોટમાં આર.સી.સી. ફુટીંગ ભરી બીમ કોલમ લઈ ચણતર કામ કરવા સહિતનું આશરે ૧૫' × ૫૦' ના માપ વિસ્તારનું ૫૦ ચો.ફુટ ક્ષેત્રફળનું ગેરકાયદેસર પાકું બાંધકામ દૂર કરી સી.ઓ.પી. /સૂચિત રીઝર્વેશન ખુલ્લો કરવામાં આવેલ છે. તથા ટી.પી.સ્કીમ નં.૧૦ (અડાજણ),ફા.પ્લોટ નં.૨૦ પૈકી બંગલા નં.૪ ની મિલ્કતમાં અત્રેથી પશ્રિમ ઝોન કચેરીએથી ટીડીઓ નં.૭,તા.૦૫/૦૪/૦૮ થી મંજુર થયેલ પ્લાન વિરુધ્ધ કરેલ ગેરકાયદેસર બાંધકામ અન્વયે પશ્રિમઝોન કચેરી તરફથી ટીડીઓ નં.૨૬, તા.૨૬/૦૯/૨૦૦૮ મનાઈ હુકમ તેમજ ટી.ડી.ઓ. નં.૨૭, તા.૨૬/૦૯/૨૦૦૮ થી કારણદર્શક નોટીસ આપેલ હતી. તેમ છતાં મિલ્કતદારે નોટીસનો પૂરેપુરો અમલ કરેલ નથી. જેથી આજરોજ તા.૧૨/૦૧/૦૯ થી એન્ટ્રી નોટીસ બજાવી સ્થળે જઈ ગેરકાયદેસર બાંધકામ તોડવાનું શરૂ કરતાં મિલ્કતદારે જાતે પ્લાનથી વધારાનું તમામ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની ખાત્રી લેખિતમાં આપતા તોડવાનું અટકાવેલ સ્થળ ઉપર આશરે કુલ્લે ૩૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરેલ છે.

ઉપરોકત કામગીરી મા.ઝોનલ ચીફશ્રી સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્રિમ ઝોનના શહેર વિકાસ / દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## "રાષ્ટ્રીય યુવા દિન" ૧૨ જાન્યુઆરી

ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી, સુરત મહાનગરપાલિકા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સટીના સહયોગથી પુજય. સ્વામી વિવેકાનંદની ૧૪૫ મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી માટે ગાંધીસ્મૃતિ હોલ ખાતે ગીત સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વર્ગમાં એચ.આઈ.વી./એઈડસ વિશે જન જાગૃતિ લાવવાનો હતો.

આ કાર્યક્રમમાં મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, કમિશ્નરશ્રી એસ.અપર્ણા, અધ્યક્ષશ્રી,સ્થાયી સમિતિ, શ્રી મુકેશભાઈ દલાલ નેતાશ્રી શાસકપક્ષ, ભીમજીભાઈ પટેલ, અધ્યક્ષશ્રી આરોગ્ય સમિતિ,શ્રી જયપ્રકાશ એચ.શાહ, અધ્યક્ષશ્રી રૂગ્ણાલયો અને વૈદકિય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ શ્રી પિયુષભાઈ બી.શિવશકિતવાળા,જો.પ્રોજેકટ ડાયરેકટર **GSACS**, ર્ડા.રાજગોપાલન, ડે.કમિશ્નર (હે એન્ડ હો) ર્ડા. આઈ. સી. પટેલ, આરોગ્ય અધિકારીશ્રી હેમંતભાઈ દેસાઈ, સુરત એઈડસ પ્રિવેન્શન કંટ્રોલ યુનિટના પ્રોગ્રામ એડવાઈઝર ર્ડા.જયેશ કોસંબિયા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. **NSS** વિભાગના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર શ્રી એ. એન. માલવીયા તથા આશરે ૭૦૦ જેટલા કોલેજના વિધાર્થીઓ તથા ૧૦૦ જેટલા સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની શરૂઆત ર્ડા. આઈ. સી. પટેલ. ડે.કમિશ્નરશ્રી (હે એન્ડ હો) ના સ્વાગત પ્રવચનથી કરવામાં આવી, ત્યારબાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છોથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રાંસંગિક પ્રવચન દરમ્યાન , સુરત એઈડસ પ્રિવેન્શન કંટ્રોલ યુનિટના પ્રોગ્રામ એડવાઈઝર ર્ડા.જયેશ કોસંબિયા દ્વારા કોલેજના યુવા વર્ગને **Red Ribbion Club** માં જોડાવા તથા સ્વૈચ્છિક રકતદાન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. **NSS** વિભાગના પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર શ્રી એ.એન.માલવીયાએ જણાવ્યું હતું કે, સ્વામી વિવેકાનંદનો જન્મ દિવસ સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય યુવા દિન તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે યુવા વર્ગ એચ.આઈ.વી./એઈડસ વિશે જાણકારી મેળવે અને લોકોને માહિતગાર કરે તેવો અનુરોધ કર્યા હતો. અંતમાં મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા એ યુવા વર્ગની તાકાત અને જોશમાં વધારો કરતાં એચ.આઈ.વી./એઈડસથી બચવા અને સયંમ તેમજ સુરક્ષાને ઘ્યાનમાં રાખી ગેરમાર્ગ ન દોરવા જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમને રોમાંચક બનાવવા મહેન્દ્ર શાહ ગૃપ ઘ્વારા વિવિધ ફિલ્મીગીતો ઘ્વારા યુવા મિત્રોને મનોરંજન પુરું પાડવામાં આવ્યું હતું. સાથોસાથ વિવિધ પ્રશ્નોતરી વિધાર્થી મિત્રો ઘ્વારા કરાઈ હતી જેના જવાબો સ્નેહલતા ભાટિયા ઘ્વારા આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન વિવિધ એચ.આઈ.વી./એઈડસ અંગેના સંદેશાઓ પણ આપવામાં આવી હતી. અંતમાં વિધાર્થીઓ ઘ્વારા આ પ્રકારના કાર્યક્રમો વારંવાર અને મોટા પાયા પર થાય તેવી રજુઆત કરવામાં આવી હતી. કાર્યક્રમની પુર્ણાહુતી ર્ડા.સોંધરવાની આભારવિધિ થઈ હતી. સમગ્ર કાર્યક્રમ ડે.કમિશ્નર (હે એન્ડ હો) ર્ડા.આઈ.સી.પટેલના સીધી દેખરેખ હેઠળ કરવામાં આવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા અમદાવાદ સાયન્સ સીટી ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં તા.૧૩–૦૧–૨૦૦૯ નાં રોજ થયેલ એમ. ઓ. યુ.

ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ સાયન્સ સીટી ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં તા.૧૩–૦૧–૨૦૦૯ના રોજ શહેરી વિકાસને લગતા જે એમ. ઓ. યુ. થયા તે પૈકી સુરત શહેરના સામેલ પત્રક મુજબના એમ. ઓ. યુ. થયા હતા. સુરત મહાનગરપાલિકાના એમ. ઓ. યુ. મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તથા કમિશનરશ્રી એસ. અપર્ણા દ્વારા કરવામાં આવ્યા હતા. ડે. કમિશનરશ્રી (પ. અને ઈ.) શ્રી સી. જે. ગામીત, ડાયરેકટર ઓફ પ્લાનીંગ શ્રી જીવણભાઈ પટેલ, તથા સીટી ઈજનેર શ્રી વી. ડી. પટેલ, આસી. કમિશનરશ્રી સી. વાય ભટ્ટ, આ કામગીરીમાં હાજર રહયા હતા.

**INVESTMENT PROPOSED UNDER VIBRANT GUJARAT INVESTOR'S SUMMIT-2009**

| SR. NO. | SECTOR | SMC | | SUDA | | TOTAL | |
|---|---|---|---|---|---|---|---|
| | | Amt. Rs. in Crores | No. of Projects | Amt. Rs. in Crores | No. of Projects | Amt. Rs. in Crores | No. of Projects |
| 1 | Housing | 4115 | 60 | 2180 | 10 | 6295 | 70 |
| 2 | Commercial | 676 | 6 | 0 | 0 | 676 | 6 |
| 3 | Education | 315 | 2 | 110 | 1 | 425 | 3 |
| 4 | Health/Hospital | 255 | 2 | 0 | 0 | 255 | 2 |
| 5 | Hotels, Clubs, Resorts (Recreation) | 218 | 3 | 0 | 0 | 218 | 3 |
| 6 | Convention Centre | 50 | 1 | 0 | 0 | 50 | 1 |
| 7 | Industries | 54 | 1 | 1346 | 3 | 1400 | 4 |
| 8 | Agriculture | 700 | 1 | 0 | 0 | 700 | 1 |
| 9 | Infrastructure (Roads & Transport) | 0 | 0 | 1000 | 1 | 1000 | 1 |
| **TOTAL** | | **6383** | **76** | **4636** | **15** | **11019** | **91** |

| Brief Notes | | | |
|---|---|---|---|
| | **SMC** | **SUDA** | **TOTAL** |
| **NO. OF MOUS** | **65** | **15** | **80** |
| **NO. OF PROJECTS** | **76** | **15** | **91** |

**TOP**